# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

કાળાં નાણાનો કચરો એમને એમ પડ્યો છે,
કાશી-ઘાટ નો કચરો એમને એમ પડ્યો છે!
કરે છે કચરો કાયદાનો એમને એમ દુષ્કર્મીઓ
ડખો સીમા પર હજી એમને એમ પડ્યો છે..
(ખાલી ખોટી 'સફાઇ' મારે છે)

## હાઈકુ

દીધા યોજના -
- એવી, કે જે દેશે ફળ -
મરણ પછી..
(હમણાં પૈસા ભરો)

પેલાં વિશ્વમાં,
કોઇ આળખતું નો'તું -
સૌ ઓળખી ગયાં!!
(પહેલાં મને કોઇ..)

## ચિંતન

**શુષ્ક માંસં સ્ત્રિયો વૃદ્ધા બાલા કસ્તરુણં દદ્દિ ।**
**પ્રભાતે મૈથુનં નિદ્રા સદ્યઃ પ્રાણ હરાણિ ષ્ટ ॥**

'સૂકાઇ ગયેલું જૂનું માંસ, વૃદ્ધ વયની પ્રૌઢા સ્ત્રી, કન્યા રાશિનો સૂર્ય, તરત જ મેરવેલું જામેલું દહીં, તેમજ વહેલી સવારનું મૈથુન - અને નિંદ્રા આ છ વસ્તુઓ અકાળે પ્રાણશક્તિનું હરણ કરનારી છે.'

ચૈતન્ય, ઉત્સાહ, દિવસભરની તાજગી આપણા સવારનાં જાગવા સાથે સંકળાઇ છે, અધૂરી ઉંઘ-ઉજાગરા, મોડી રાત સુધી ગમે તેવું - ગમે ત્યાં ખા-ખા કરવું, મધ્યાહન સુધી પથારીમાં આળોટવું એ તામસી અને આળશુ પ્રકૃતિને પ્રોત્સાહન આપે છે.

નિયમિત સૂઇ જવું - નિયમિત ઉઠવું ગણપતિના સ્મરણ સાથે પૃથ્વીની ક્ષમા સાથે જમીન પર પગ મૂકી પોતાના ઇષ્ટદેવ-પૂજાના દર્શન કરવાથી આખો દિવસ ઉર્જાસભર બને છે.

સાત્ત્વિક, સમયસરનો અને સંયમપૂર્વકનો ખોરાક માત્ર દિવસ નહીં જીવન સમગ્રને ઉર્જામય બનાવે છે પોતાની પ્રકૃતિને શું માફક આવશે એ જાતે જ નક્કી કરવું જોઇએ. સાવધ માણસ દવા અને દવાખાનાથી દૂર રહી શકે છે.

## સુવિચાર

- યે રાહેં હી લે જાયેગી મંઝીલ તક હોંસલા રખ.. કભી સુના હૈ કી અંધેરે ને સવેરા હોને ન દિયા.. - **શકીલ બદાયુની**
- બે ચીજો અક્કલથી ઉલ્ટી છે, બોલવા વખતે ચૂપકીદી રાખવી, અને ચૂપકીદી રાખવાના સમયે બોલવું - **બી.એન.દસ્તૂર**
- ખરો સવાલ એ નથી કે મૃત્યુ પછી જીવન છે કે નહીં, ખરો સવાલ એ છે કે મૃત્યુ પહેલા તમે ભરપૂર જીવ્યા છો કે નહીં - **ઓશો**
- લડાઇના મેદાનમાં એવો દુશ્મન પસંદ કરજે, જેને તું હરાવી શકે, અથવા જેનાથી તું ભાગી જઇ શકે - **અમૃતબિંદુ**
- વિચાર કર્યા બાદ જ બોલવું અને લોકો 'બસ' કહે તે પહેલાં મોં બંધ કરવું- **ઝેન કથન**
- માનભંગ કરનારા શબ્દ વિનાશક પરિણામ લાવે તેનું ઉત્તમ ઉદાહરણ મહાભારત છે - **ચંદ્રકાન્ત બક્ષી**
- જે મૂર્ખ ધોળે દિવસે કપૂર ના દિવા જલાવે છે તેના ચિરાગમાં રાતના સમયે તેલ બચશે નહિં - **એસ. ભટ્ટાચાર્ય**

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધ કથા

સત્તા-પદ-સમૃદ્ધિ, કદાચ થોડું-ઘણું ભૌતિક સુખ-સુવિધા-થોડા સમય માટે આપી શકતા હશે. પરંતુ ચીર શાંતિ-કાયમી પરમ-સુખ એ આપી શકતા નથી બધું હોવા છતાં સંસારીજનો, સંબંધો-ચિંતાઓ-સતૃપ્ત અપેક્ષાઓથી રિબાતા હોય છે પણ ચહેરા પર બાહ્ય દેખાડો કરી પોતે નિશ્ચિંત અને સુખી છે એવો જ દેખાવ કરતા હોય છે.

ગૌતમ બુદ્ધ સંસાર ત્યાગ અને દિવ્ય જ્ઞાનની પ્રાપ્તિ પછી - વર્ષો પછી પોતાના પૂર્વ સંસારી પિતાના મિત્ર રાજા પ્રસન્નજીતના આમંત્રણથી તેમના રાજમહેલમાં બોધ આપવા ગયા.

રાજા પ્રસન્નજીતે સત્સંગ વાર્તાલાપ વચ્ચે મમરો મૂક્યો, ભગવંત આપે નાની વયે, રાજપાટ, પત્ની-બાળકનો ત્યાગ કર્યો, હવે આ વયે આપને એમ નથી થતું આપ પાછા રાજમહેલના વૈભવી સુખો અને સંસારના પવિત્ર સંબંધોનું સુખ માણવા પાછા ફરવું જોઇએ!?

ભગવાન બુદ્ધ, રાજા પ્રસન્નજીતનો મનોભાવ કળી ગયા અને કહ્યું, રાજન! આપ મને સાચું-હૃદયથી કહો કે આ બધી સમૃદ્ધિ, રાજ્ય અને મહેલનાં બધાં જ ભૌતિક સુખો શું આપને ખરેખર સુખ-શાંતિનો પરમ સંતોષ આપી શકે છે? કે આપ સદાય ચિંતામાં ગ્રસ્ત રહો છો?!

પ્રસન્નજીત મૌન થઇ ગયા.

Email - sureshchandrabhatt18@gmail.com

# વડા પ્રધાનની વિદેશયાત્રાઓમાં ચીનનું વિશેષ મહત્ત્વ

## વર્ષ ૨૦૦૩માં વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીએ ચીન જઇ તિબેટ ડ્રેગનને હવાલે ગણાવ્યું, વર્ષ ૨૦૧૫માં નરેન્દ્ર મોદી બીજિંગને અહિંસાનો સંદેશ આપ્યો

### અતીતથી આજ

- ડૉ. હરિ દેસાઇ

વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ત્રિદેશીય વિદેશયાત્રા ભણી સૌની મીટ મંડાયેલી હોય ત્યારે ચીન, મોંગોલિયા અને દક્ષિણ કોરિયાના પ્રવાસમાં સૌથી વધુ મહત્ત્વ ચીન સાથેના સંબંધોમાં કેવી નવી ઉષ્મા ભરવામાં એ સફળ રહેશે એ ગણાશે. ભારત અને ચીન બેઉ પ્રાચીન સંસ્કૃતિ ધરાવતાં રાષ્ટ્રો હોવા ઉપરાંત વિશ્વનાં સૌથી મોટાં રાષ્ટ્ર હોવાની હકીકત કેન્દ્રસ્થાને છે. ચીની રાષ્ટ્રપતિ શી જિનપિંગે પોતાના વતનપ્રાંતમાં વડાપ્રધાન મોદીની આગતા-સ્વાગતા કરી એટલા માત્રથી રાજીના રેડ થઇ જવાની જરૂર નથી. મોદીએ ચીની રાષ્ટ્રપતિને અમદાવાદમાં આવકાર્યા, ઝૂલે ઝૂલાવ્યા અને ચા-પાણી કરાવ્યાં. એ રીતે વડાપ્રધાન ચીનની મુલાકાતે ગયા ત્યારે રાષ્ટ્રપતિ શીએ પ્રોટોકોલને બાજુએ સારીને એમનું સ્વાગત કર્યું. એમાં વધુ પડતું સમજવાની જરૂર નથી. બીજિંગમાં ભારત અને ચીન વચ્ચે જે ૨૪ કરાર થયા એમનો અમલ કઇ રીતે થાય છે એ મહત્ત્વનું છે. શી ગયા સપ્ટેમ્બર મહિનામાં ભારત આવ્યા ત્યારે થયેલા બંને દેશો વચ્ચેના કરારોના અમલ આજના સમયે સમીક્ષા માગી લે છે.



વર્ષ ૨૦૦૩ના જૂનમાં તત્કાલીન વડા પ્રધાન અટલબિહારી વાજપેયી ચીનની મુલાકાતે ગયા હતા. ભારત તરફથી તિબેટને ચીનનું અવિભાજ્ય અંગ ગણાવવા સાટે સિક્કિમને ભારતીય પ્રદેશ તરીકેની આડકતરી કબૂલાત કરાવવામાં વાજપેયી સફળ રહ્યા હતા. સિક્કિમને ૧૯૭૫માં તત્કાલીન વડાં પ્રધાન ઇન્દિરા ગાંધીએ જનમત લેવડાવીને ભારત સાથે જોડવાના સંજોગો સર્જ્યા હતા અને એ ભારતનું રાજ્ય બન્યું હતું. જોકે, ચીન એને ભારતનું અંગ સ્વીકારતું નથી. વડાં પ્રધાન ઇન્દિરા ગાંધીની જેમ મોદી પણ ભૂતાનમાં જનમત લેવડાવીને એને ભારત સાથે જોડવામાં સફળ રહે તો એમની વાહવાહ થવી સ્વાભાવિક છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ(આરએસએસ)ના સરસંઘચાલક કુપ્પહલ્લી સીતારામૈયા સુદર્શને એનડીટીવીના વૉક-ધટૉકમાં શેખર ગુપ્તાને ભારતીય વડા પ્રધાનોમાં સર્વશ્રેષ્ઠ વડા પ્રધાન તરીકે ઇન્દિરા ગાંધીનું નામ આપ્યું હતું. એનાં અનેક કારણો હતાં. પાકિસ્તાનને ભાંગીને એની પૂર્વ પાકિસ્તાન પાંખને બાંગલાદેશમાં રૂપાંતરિત કરવામાં ઇન્દિરાજીનું યોગદાન બેનમૂન હતું. નંબર-વનના આકાંક્ષી નરેન્દ્ર મોદીએ હજુ ઘણું કરવાનું છે. રાતોરાત ચીન ભારતનું મિત્ર થઇ જાય એવું નથી.

ચીનની વાત આવે ત્યારે વડા પ્રધાન વાજપેયીના કાર્યાલયમાં કાર્યરત મંત્રી રહેલા પ્રમોદ મહાજને (હવે સ્વ.) 'સો ચૂહે માર કે બિલ્લી હજ કરને' જેવો શબ્દ પ્રયોગ કરીને ક્ષમાપ્રાર્થના કરવી પડી હતી, એ વાતનું સ્મરણ થવું સ્વાભાવિક છે. વિદેશનીતિ અને રાજનીતિમાં ઘણું અંતર છે. ઘરઆંગણે રાજકારણના ખેલ ખેલવામાં પણ સરદાર પટેલ કે જવાહરલાલ નેહરુ જેવા નેતાઓ પરિપક્વતા જાળવી વિદેશી સંબંધોમાં પણ એટલી જ ગરિમા જાળવીને રાજનેતાથી વિશેષ રાજપુરુષ(સ્ટેટ્સમેન)નું બિરુદ હાંસલ કરે છે, ત્યારે વર્તમાન શાસકોએ પરિપક્વતા કેળવવાની ખૂબ જરૂર છે. વિદેશમાં જઇને ઘરઆંગણાના રાજકારણની વાતને છેડવાનું ઇન્દિરા ગાંધીની ઇમર્જન્સી જેવા અપવાદરૂપ સંજોગોમાં જ વિપક્ષના નેતાઓ કરે તો એને લોકશાહીના જતન કે બચાવના ઘટનાક્રમ સાથે મેળ બેસાડવાનું શક્ય ગણાય, પરંતુ વિદેશની ધરતી પર ભારતીય સત્તાપક્ષના અગ્રણીઓ કે મંત્રીઓ પોતાના દેશના વિપક્ષ કે પૂર્વ સત્તાપક્ષની બદબોઇ કરે તો એને સારા સંકેતોમાં ગણાતું નથી. ભાજપના વરિષ્ઠ નેતા અને વાજપેયી સરકારમાં નાયબ વડા પ્રધાન- ગૃહ પ્રધાન રહેલા લાલકૃષ્ણ આડવાણી પાકિસ્તાનની મુલાકાતે ગયા ત્યારે એમને ત્યાંનાં પ્રસાર માધ્યમોના પ્રતિનિધિઓએ સોનિયા ગાંધી વિશે ઘણા સવાલ કર્યા હતા.આંડવાણીની જીભ ત્યાં એકેય વાર લસરી નહોતી. એમણે સતત એક જ ઉત્તર વાળ્યો હતોઃ 'શી ઇઝ અવર લીડર'. ઘરઆંગણે સોનિયા ગાંધી પર આક્ષેપોની ઝડી વરસાવનાર આડવાણીએ વિદેશમાં સોનિયા ગાંધીને કૉંગ્રેસનાં નેતા નહીં, પણ 'અમારાં નેતા' ગણાવ્યાં હતાં, એ ઘણું બધું સૂચક છે. આજના ભાજપીનેતાઓએ આ બોધપાઠ લેવો ઘટે.

ભારત અને ચીન વચ્ચેના સંબંધોમાં સુધારણાની અપેક્ષા જરૂર કરીએ, પરંતુ ચીનનો વિશ્વાસ કેટલો કરી શકાય એ વીતેલા દાયકાઓ દરમિયાનના એના આચરણમાંથી સમજી શકાય છે. બંને દેશોની પ્રાચીન સંસ્કૃતિની વાતનાં ગાણાં ગાવા માત્રથી ભારત અને ચીન વચ્ચે ફરીને ભાઇ-ભાઇના સંબંધ પુનઃસ્થાપિત થઇ જાય એવું નથી. વડાપ્રધાન મોદી ત્રણ દિવસ ચીનની મુલાકાત લઇ ચીની રાષ્ટ્રપતિથી લઇને ત્યાંની પ્રજા સુધી સૌની સાથે હળેમળે એટલા માત્રથી ભારત-ચીન સંબંધો સારા થઇ જાય એવું નથી. રાજદ્વારી સંબંધોની પ્રગતિ ધીમી હોય છે. અમેરિકી પ્રમુખ બરાક ઓબામા કે ચીનીપ્રમુખ શી જિનપિંગને ચા પીરસવાથી, 'ચાય પે ચર્ચા'ની ઘોષણાથી બે દેશોના સંબંધો સુધરી જતા નથી. સંબંધો સુધરવામાં વર્ષો કે દાયકા લાગે છે, પણ એ કથળવાના હોય તો જરા અમથું છમકલું એના માટે પૂરતું હોય છે. ચીન હોય કે મોંગોલિયા, દક્ષિણ કોરિયા હોય કે અમેરિકા, રખે આપણે માની લઈએ કે કોઈને ભારત કે ભારતીય સંસ્કૃતિ માટે પ્રેમ ઊભરાઇ જાય છે અથવા તો કોઇ ભારતને વિશ્વગુરુ તરીકે સ્વીકારી લેવા તલપાપડ છે. પ્રત્યેક દેશ પોતાનું હિત જોઈને જ અન્ય દેશ સાથેના સંબંધોમાં હૂંફ કે બરછટપણું દર્શાવે છે. બે દેશ વચ્ચેના સંબંધો સુધારવાની દિશામાં અનુકૂળતા જોવા મળે તો એ સુધારા માટેનાં અનેક 'કૉમન ગ્રાઉન્ડ્સ' મળી આવે છે.

ભારતમાંથી બૌદ્ધ ધર્મ ચીન, તિબેટ, મોંગોલિયા, કોરિયા કે બર્મા(મ્યાનમાર), સિલોન(શ્રીલંકા) ભણી પ્રસર્યો. બુદ્ધ જન્મ્યા તો લુમ્બિની(નેપાળ)માં, પણ ઉત્તર ભારતમાં બૌદ્ધ ધર્મનો પ્રચાર-પ્રસાર વધ્યો. જો કે બ્રાહ્મણવાદી પરંપરાઓએ એમના ધર્મને રીતસર દેશવટો દીધો. ૧૨૦૦ વર્ષ પછી ડૉ.બાબાસાહેબ આંબેડકરે બૌદ્ધ ધર્મને ભારતમાં પુનઃસ્થાપિત કરવાનું કામ કર્યું. એ પહેલાંની સદીઓમાં બૌદ્ધ ધર્મને કોઇએ જાળવ્યો તો ચીન, તિબેટ, બર્મા કે શ્રીલંકાએ. પ્રાચીન સંસ્કૃતિનાં અંતરંગ મિલનો ભારત અને ચીનને ક્યારેક એક કરતાં હતાં. ૧૯૨૪માં કવિવર રવીન્દ્રનાથ ટાગોર ચીનના પ્રવાસે ગયા અને ત્યાં એમનો આદરસત્કાર થયો. તેમણે વ્યાખ્યાનો આપ્યાં. એ વેળા ભારત ચીનના મોટાભાઇની અવસ્થામાં ગણાનાર દેશ હતો. આજે એ સ્થિતિ રહી નથી.

૧૯૪૯માં માઓની ક્રાંતિને પગલે ચીન સામ્યવાદી બન્યું. સમયાંતરે એ ભારતથી દૂર થતું ગયું. ૧૯૫૦માં નેહરુ વડા પ્રધાન હતા અને સરદાર પટેલ નાયબ વડાપ્રધાન. બંનેના ચીનવિષયક અભિગમ નોખા હતા. નેહરુને 'હિંદી-ચીની ભાઇ ભાઇ'માં વિશ્વાસ હતો. સરદાર પટેલને તિબેટને ગપચાવનાર ચીનની આંખોમાં રમતાં સાપોલિયાં અને એના દુષ્ટ ઇરાદા દેખાતા હતા. તિબેટના ધાર્મિક નેતા અને રાજકીય શાસક દલાઇ લામા ૧૯૫૯માં ભારત ભાગી આવ્યા અને હજારો તિબેટવાસીઓ સાથે આજ લગી એમણે ભારતમાં રાજ્યાશ્રય મેળવ્યો છે. દલાઇ લામાને રાજ્યાશ્રય આપવાના મુદ્દે જ ચીને છંછેડાઇને ૧૯૬૨માં ભારત પર આક્રમણ કર્યું અને આપણું નાક કાપ્યું. નેહરુ માટે વિશ્વાસુ મિત્ર કનેથી દગો થયાનો આઘાત અસહ્ય થઇ પડ્યો અને ૧૯૬૪માં એ જ આઘાતથી એમનું અવસાન થયું. બેય દેશો વચ્ચેના સંબંધોમાં કટુતા છેક ૧૯૮૮માં રાજીવ ગાંધીએ વડા પ્રધાન તરીકે ચીનની મુલાકાત લીધી ત્યાં લગી જળવાઇ. સમયાંતરે ભારત અને ચીનના નેતાઓની મુલાકાતો અને મંત્રણાઓ વધતી ચાલી એટલે સંબંધોમાં ઉષ્મા જોવા મળી, પણ ગમે ત્યારે ચીની સૈનિકોની ઘૂસણખોરીના અટકચાળા ચાલતા રહ્યા એટલે તંગદિલીનો મામલો અખંડ રહ્યો. જે દલાઇ લામા માટે ભારતે ચીન સાથે ૧૯૬૨નું યુદ્ધ વહોરીને ખાનાખરાબી સહેવી પડી એ જ દલાઇલામા એ હવે તિબેટને ચીનનું અવિભાજ્ય અંગ ગણાવ્યું છે.

ચીન અને ભારત વચ્ચે વેપારીસંબંધો અને કૈલાસ-માનસરોવરની યાત્રાના વધુ એક રૂટની છૂટછાટ સહિતના કરારો છતાં બેઉ દેશ અરુણાચલ પ્રદેશ અને સિયાચીનના મુદ્દે હજુ સંમતિ સાધી શક્યા નથી. બંને દેશો વચ્ચેની સરહદને અંતિમ સ્વરૂપ અપાયું નથી. ભારત કરતાં પાકિસ્તાન ચીનને નજીકનું લાગે છે કારણ જમ્મૂ-કાશ્મીર પ્રદેશમાં પાકિસ્તાને ગપચાવેલી ભૂમિ અને ચીને બથાવેલી જમીન ભારતને પરત કરવાની વૃત્તિ એનામાં નથી.

વાજપેયી સરકાર વેળા તિબેટને ચીનનો પ્રદેશ જાહેર કરવાનું પગલું ભારતે ભર્યાં છતાં બેઉ દેશો વચ્ચે વિશ્વાસ બેસે એવી પ્રગતિ સાધી શકાઇ નથી. ઓછામાં પૂરું સરહદી પ્રદેશમાં ચીની સૈનિકોની ઘૂસણખોરી અને અરુણાચલ પ્રદેશને પોતાનો પ્રદેશ ગણાવવાની બદદાનત જ નહીં, એ પ્રકારના નકશા પણ પ્રકાશિત કરવાની એની નીતિ ઉપરાંત ભારતને ચોમેરથી ઘેરવાની વૃત્તિને અનુસરવા જેવાં પગલાં સરદાર પટેલે ૭ નવેમ્બર ૧૯૫૦ના રોજ પંડિત જવાહરલાલ નેહરુને લખેલા તિબેટ અને ચીનવિષયક પત્રમાં વ્યક્ત કરેલી શંકાઓને સુદૃઢ કર્યા વિના રહેતાં નથી. નવાઇ એ વાતની છે કે ચીન વારંવાર ભારતીય પ્રદેશમાં ઘૂસણખોરી કરે છે, ભારત સરકાર એ સામે વિરોધ નોંધાવે છે છતાં ભારતીય સંસદમાં સંરક્ષણમંત્રી મનોહર પર્રીકર લિખિત ઉત્તરમાં ૫ મે ૨૦૧૫ના રોજ એવું કહે છે કે છેલ્લાં ત્રણ વર્ષ દરમિયાન ચીની લશ્કરીદળોએ ભારતીય પ્રદેશોમાં આવી કોઇ ઘૂસણખોરી કરી નથી!

(અનુસંધાન પાના નં. ૬ પર)

# મદમાં આવેલો હાથી ગુસ્સો કરે ત્યારે મદ વધુ નીકળે છે, તે ચાલીસ દિવસ સુધી ચાલે છે, તે દરમિયાન હાથીને ખુબ જ પેશાબ આવે છે, તેના સ્વભાવમાં ઉત્તેજના આવી જાય છે અને તે આક્રમક બની જાય છે

### હરિયાળું હરણોદ્યાન

- નટવર હેડાઉ

પ્રકૃતિઉદ્યાનમાં હાથી અને હાથણીની જોડી આવી તેને તે સમયે રિલીઝ થયેલી ફિલ્મના નામ સાથે જોડી મીડિયા એ ઘેર ઘેર જાણીતી કરી દીધી. 'બંટી અને બબલી' ના નામનું આકર્ષણ જ એવું હતું કે ઉનાળામાં ૪૩ સે. ગરમીમાં પણ હરણોદ્યામાં માનવ મહેરામણ ઉમટી પડ્યું હતું. વેકેશન શરુ થતાં જ બાળકો અને મોટેરાઓ માટે પણ નજીકનું પિકનીક સ્થળ એટલે આ હરણોદ્યાન. તેમાં વળી ન્યુઝ ચેનલો અને સમાચારપત્રો દ્વારા લોકો સુધી વાત પહોંચી કે હાથી અને હાથણીનું એક જોડું અહીં આવ્યું છે ત્યારથી બાળકો તો તેને જોવા તત્પર બની ગયા હતા. તેથી પરીક્ષાઓ પુરી થતાં જ બાળકો જીદ લઇ મમ્મી પપ્પા કે દાદા દાદીને અહીં ખેંચી લાવ્યા હતા. કેટલાંક તો ટિકીટબારી એથી જાણવા મળે કે હાથીઓ અંદર છે તો મમ્મી પપ્પાની આંગળી ઝાલીને ચાલવાની જગ્યાએ તેડવા માટે પગ પછાડતાં બાળકો ઝટપટ ચાલવા લાગતા, અને ગાતાં કે હરણોદ્યાનમાં હાથી, હાથી મેરા સાથી...

કોઈ કોઈને પ્રશ્ન થતો કે આ હાથીઓ અહીં આવ્યા કયાંથી? ખરેખર બનેલું એવું કે 'સરકસમાં વન્યપ્રાણીના પ્રદર્શન અને ખેલ પર પ્રતિબંધ આવી જતા ભરુચમાં ચાલતાં સરકસ પાસેથી આ હાથીઓ મેળવવામાં આવ્યા હતા.' હાથીનું નામ રાજન હતું અને હાથણીનું નામ ગાયત્રી હતું. પણ મીડિયાકર્મીઓ અને અખબારોમાં 'બંટી અને બબલી' નામે તેમને પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. હાથીઓની આ જોડીને પહેલાં તો જગન્નાથ મંદિર અમદાવાદ ખાતે રાખવાનું નક્કી થયેલું. પરંતુ કોઇ કારણસર એ લોકો એ અશક્તિ દર્શાવતાં છેવટે તેમને હરણોદ્યાન ને હવાલે કરવામાં આવ્યાં હતા. હાથણી ગાયત્રી તો ખુબ જ તંદુરસ્ત, યુવાન, મોજીલી અને મસ્તીખોર હતી. સૂંઢને એવી સરસ રીતે ઝુલાવતી કે તેની મનમોહક અદા સૌને ગમી જતી. હાથી રાજન અલમસ્ત જવાંમર્દ અને ખુબ તાકાતવાળો હતો. પણ સરકસમાં હતો એ દરમિયાન જ કોઈ અકસ્માતના કારણે તેના આગળના એક પગમાં તકલીફ થઈ ગઈ હતી. તેથી તેને ચાલવામાં મુશ્કેલી પડતી હતી. આ બંનેને મોટી ટ્રક દ્વારા અહીં લાવવામાં આવ્યાં હતા. તેમની સાચવણી અને દેખભાળ માટે મહાવત તો જોઇએ જ. તે માટે જગન્નાથ મંદિરમાંથી એક બિહારી યુવાન રામબહાદુરને રાખવામાં આવ્યો હતો. જગન્નાથ મંદિરના હાથીઓની દેખભાળ રાખવાનો તેને અનુભવ હતો. શરુઆતના દિવસોમાં તે તંબુ બાંધીને ત્યાં રહેતો હતો. તેની સાથે સુખરામ નામનો એક છોકરો પણ તેને રાખ્યો હતો. બંને હાથીઓને જાડી સાંકળો અને દોરડાં વડે એ બાંધીને રાખતા. બંનેના પાછળના બે પગ અને આગળના એક પગ બંધાયેલ રહેતો. તેથી નજીક નજીકમાં હોવા છતાં અને આગળના એકબીજાને અડકી શકતા નહીં. રાજનને ગાયત્રીનું બહુ આકર્ષણ હતું. જો કે ગાયત્રીતેને બહુભાવ આપતી નહોતી. તેમાં એક દિવસ સાંજે રાજન તોફાને ચડ્યો. તેને તેમાં આગળના પગની સાંકળ તોડી નાંખી અને જોર જોરથી વીંઝવા લાગ્યો. રામબહાદુરની સાથે રહેતો છોકરો તો ગભરાઇ ગયો. પણ રામબહાદુરે અમને કહ્યું કે હાથી મદમાં આવ્યો છે. મેં પુછ્યું 'તને કંઇ રીતે ખબર પડી. તો કહે કે હાથી મદમાં આવે ત્યારે મદ નીકળતાં પહેલાં તેનું 'ગન્ડ સ્થળ' ફૂલી જાય છે. નર અને માદા બંને હાથીઓને કાન અને આંખની વચ્ચેના ભાગમાં એક ત્રાસુ લગભગ એક સેન્ટીમીટર લાંબુ છીદ્ર હોય છે. જેને મહાવતોની ભાષામાં 'દાન' કહેવામાં આવે છે. તેની નીચે મદગ્રંથિ હોય છે. ગ્રંથીમાંથી નીકળતા વહેલાં સ્ત્રાવને મદ કહે છે. મદમાં આવેલો હાથી ગુસ્સો કરે ત્યારે મદ વધુ નીકળે છે. તે ચાલીસ દિવસ સુધી ચાલે છે. તે દરમિયાન હાથીને ખુબ જ પેશાબ આવે છે. તેના સ્વભાવમાં ઉત્તેજના આવી જાય છે અને તે આક્રમક બની જાય છે. રાજનનું પણ એમ જ થયું હતું. તેથી તેને કાબુમાં લેવા માટે જગન્નાથ મંદિરથી રાતે બીજા મહાવતોને બોલાવવા પડ્યા હતા. અને આખી રાતના પ્રયત્નો પછી માંડ માંડ તેને બાંધી શકાયો હતો.

હાથી જેવા વિશાળકાળ પ્રાણીને ખોરાક ખુબ જ જોઇએ. ૬૦ થી ૭૦ મણ લીલો ઘાસચારો આવતો તે ઉપરાંત તેને ૨૫ કિલો જેટલી ખીચડી બનાવીને રામબહાદુર ખવડાવતો, ૨૫ થી ૩૦ જેટલા કેળાની લુમો અને શેરડીના ભારા પણ તેના માટે આવતાં. તેમ છતાં ખોરાક ઓછો ન પડે અને તેને નવીનતા મળી રહે એ માટે રામબહાદુર ગાયત્રીને લઇ વડનાં ડાળા કાપી લાવતો. એ રીતે ગાયત્રીને બહાર ફરવા પણ મળતું. રામબહાદુર કહેતો કે હાથી કરતાં હાથણીઓ સ્વભાવે સૌમ્ય હોય છે. તેથી સરકસો અને પ્રાણી સંગ્રહાલયોમાં તેને રાખવાનું સહેલું હોય છે.

હાથીઓ હવે અહીં કાયમ રહેવાના છે એ નક્કી થતાં રામબહાદુર અને તેના સાથી માટે એક ઓરડી અને હાથીઓ માટે પાર્ક વોર્ડન કચેરીની પાછળના ભાગે હાથી ખાનાનું મોટું મકાન અસ્તિત્વમાં આવ્યું. રામબહાદુરને નોકરીમાં કાયમી થવાની લાલચ જાણતાં તેને પગારવધારા સાથે અનેક જાતની માંગણીઓ કરવા માંડેલી. હાથીઓને સાચવવા માટે મહાવત જરુરી હતો. તેથી અમુક અંશે તેની માંગણીઓ સ્વીકારાતી ગઇ. તેમ છતાં એક દિવસ એ ત્રાગું કરીને હાથીને છૂટા મુકીને ભાગી ગયેલો. જોકે રાજનને આ વાતની જાણ ન હોઇ અને પગે ખોડ હોવાથી એ તો તેની જગ્યાએ જ ઊભો રહેલો પણ ગાયત્રી આમતેમ ટહેલવા લાગેલી. તેણે મસ્તીમાં એક ગરમાળાનું ઝાડ ઉખાડી ફેંકતા નાસભાગ થઇ ગયેલી. આ વાતની જાણ થતાં રામબહાદુર ગભરાઇને પાછો આવેલો અને તેણે હાથણી ગાયત્રીને કાબુમાં કરી પાછી બાંધી દીધેલી પણ એ દરમિયાન તેને જે તગારામાં ખીચડી અપાતી એ લોખંડની મોટાં મજબુત તગારાંને કોઇ કાગળનો ડુચો કરી ફેંકી દે એમ તેણ ફેંકી દીધેલું ત્યારે તેની તાકાતનો અંદાજ આવે. અને ડર પણ લાગે.

એક વખત તો એવું બનેલું કે રાત્રે ઘેર સુવાની તૈયારી કરતો હતો ત્યાં ફોન રણક્યો, 'હાથણી ગાયત્રી ભાગી ગઇ છે. વાવોલ તરફ આવી હોય તેવું જાણવા મળ્યું છે. મારા પત્નીએ મજાકમાં કહ્યું જરુર એ તમને શોધતી હોવી જોઇએ. જઇને તપાસ કરો. તૈયાર થઇ હું બહાર નીકળ્યો ત્યારે ઝરમર ઝરમર વરસાદ પડતો હતો. ચારેબાજુ અંધકાર છવાયેલો હતો. મેં મારી જ સોસાયટીમાં રહેતા ઇલેક્ટ્રીશીયન રામભુવન ને ટોર્ચ સાથે મારી સાથે લીધો.'

હાથણી ભાગી ગયાના સમાચાર ગાંધીનગર શહેર અને આસપાસના ગામોમાં વહેતા થયા હતા. કલેકટરશ્રીને જાણ કરાતાં તંત્ર સાબદું થયું હતું. વન વિભાગ અને પોલીસની ગાડીઓ પણ હાથણી દ્વારા કોઇ જાનમાલનું નુકશાન ન થાય તે માટે તેની શોધમાં લાગી ગઇ હતી.

વાવોલના મહાદેવના મંદિર સાથેના ભાગે વડના ઝાડની નીચે ટોર્ચના અજવાળો હાથીને જોતાં અમે ખુશખુશાલ થઇ ગયા. પણ એ ખુશી ઝાઝુ ટકી નહીં નજીક જતાં ખબર પડી કે કોઇ સાધુઓ હાથીને લઇને આવેલાં છે. તે મંદિરમાં રોકાયા છે. હાં, અમે જઇને જોયું તો એ હાથી બાંધેલો હતો. હવે અમે હરણોદ્યાન તરફ જતા હતા. ત્યાં ફાટક પાસે પોલીસની જીપ મળી. અમે એ લોકોને સાચી પરિસ્થિતિ જણાવી. બધા હસી પડયા.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# પાપા ઈઝ માય બ્રેસ્ટ ફ્રેન્ડ

### વિચારયાત્રા

- ડો. જય ઓઝા

જે પાપા બાળકોના મિત્રો સાથે દોસ્તી કરી શકે છે તે એક સફળ પિતા બની શકે છે, કારણ કે બાળકોના મિત્રો સાથે મૈત્રી કેળવવાથી પોતાનું બાળક બીજા બાળકો સાથે કેવું વર્તન કરે છે તેની જાણ થાય છે. અને બાળકોની દુનિયામાં ડોકિયું કરવાનો મોકો મળે છે. પિતા દોસ્ત હોય તો બાળક પોતાના મિત્રો સાથે સહજ રહી શકે છે.

એકવીસમી સદીમાં પાપાનો રોલ બદલાઈ ગયો છે. હવે પાપા સોફા પર બેસીને ઓર્ડર નથી છોડતા. પપ્પા, મમ્મીને હેલ્પ કરે છે. બાળકો સાથે રમે છે. બાળકની નેપી બદલે છે, પેરેન્ટ ટીચર મીટિંગમાં હાજરી આપે છે. પાપા બાળકોના દોસ્ત છે.

દોસ્ત પાપા શું કરે છે?

દોસ્ત પાપા પોતાના બાળકો સાથે રમે છે, તેમને ડોક્ટર પાસે લઈ જાય છે. મિત્રતાભરી વાતો કરીને તેઓ બાળકોને તેમના મિત્રો સાથે કેવું વર્તન કરાય અને અભ્યાસમાં ધ્યાન આપવું જોઈએ તેવી વાતો શીખવી દે છે. જે પાપા પોતાના બાળકોને નવડાવે છે, તેમની સાથે રમે છે અને વાતો કરે છે તેઓ ખરેખર આજના જમાનાના પિતા છે. બાળકો તેમની પાસેથી ઘણું શીખે છે. આ એક હકારાત્મક પરિવર્તન છે. આજના ડેડી બાળકોના કામ પૂર્ણ દિલચસ્પીથી કરે છે. મમ્મી રસોઈ બનાવે છે, તો પપ્પા બાળકની માલિશ કરીને નવડાવવાનું કામ કરે છે. બાળકોને હોમવર્ક કરાવવાની જવાબદારી પણ પાપા લે છે. ક્યારેક કોઈક નવી વાનગી બનાવીને ખવડાવવામાં પણ દોસ્ત પાપા છોછ રાખતા નથી. બાળકોને ફૂટબોલ, વોલીબોલ, ક્રિકેટ કે બેડમિન્ટન રમવા માટે લઈ જનાર પિતા સાથે બાળકોને બહુ જામે છે. દોસ્ત પાપા એ શોધી લાવે છે કે બાળકોને રમતગમતનું બેસ્ટ કોચિંગ ક્યાં મળી શકશે. આજકાલ નાના નાના ભૂલકાંઓની બર્થ ડે પાર્ટીઓનું આયોજન પણ મોટા પાયા પર થતું હોય છે. જેમાં તેમના નાનકડા મિત્રોને પણ આમંત્રિત કરવામાં આવે છે. આવી પાર્ટીમાં માતા કે પિતા બેમાંથી એકનું સાથે જવું જરૂરી હોય છે. જેથી તેઓ બાળકને ખાવા, પીવા, રમવામાં કે તેમના શૂઝની લેસ બાંધવામાં મદદરૂપ થઈ શકે. બહાર કામ કરતી મમ્મી જો બાળકની સાથે જઈ શકે તેમ ન હોય તો દોસ્ત પાપા બાળકની સાથે જાય છે. પહેલાં પિતા આવી રીતે બાળકની સાથે જવા તૈયાર થતા ન હતા પણ હવે તો પાપા ખુશી ખુશી આવી પાર્ટીમાં બાળક સાથે જાય છે. ફક્ત જાય છે એટલું જ નહીં સાથે એક બેગમાં બાળકની જરૂરિયાતની વસ્તુઓ જેવી કે નેપકીન, એક્સ્ટ્રા ડ્રેસ, સેન્ડલ્સ, પાણીની બોટલ ચકીને પાર્ટીમાં બાળકના કપડાં પર ઢોળાયેલ આઈસક્રીમ કે ખાદ્યપદાર્થો નેપકીનથી સાફ કરીને કપડાં બદલાવી દેવાનું કામ પણ દોસ્ત પાપા કરે છે. તેમને એવો વિચાર પણ નથી આવતો કે આ કામ તેની મમ્મીનું છે, પોતાનું નહીં. જરૂર પડતા દોસ્ત પાપા બાળકની મા પણ બની જાય છે. તેઓ બાળકની સાથે પૂર્ણપણે પાર્ટીમાં સામેલ થાય છે અને ત્યાં બાળકો જે રમતો રમે છે તેમાં ભાગ લેવા માટે પોતાના બાળકને ઉત્સાહિત કરતા રહે છે.

પોતાનું બાળક જો સારું ગાઈ શકતું હોય કે ડાન્સ કરી શકતું હોય તો દોસ્ત પાપા બાળકને ડાન્સ કરવા માટે કે ગાવા માટે પ્રોત્સાહિત કરે છે. દોસ્ત પાપા બાળકોને હોમવર્ક કરાવે છે, તેમની ડાયરી ચેક કરે છે અને તેમી પાસેથી સ્કૂલની અને તેમના મિત્રોની વાતો સાંભળે છે. જો બાળક હોમવર્ક શું આપ્યું છે તે લખીને ન લાવ્યું હોય તો તેના મિત્રના ઘરે ફોન કરીને જાણી લે છે અથવા તો મિત્રના ઘેર જઈને નોટ્સ પણ લઈ આવે છે. કોઈ વાર બાળકના મિત્રને જરૂર પડે તો તેના માતાપિતા પણ તેને ઘરે આવીને નોટ્સ લઈ જાય છે. આમ બાળકના મિત્રોના માતાપિતા સાથે પણ દોસ્ત પાપાની દોસ્તી થઈ જાય છે.

દોસ્ત પાપા બાળકને ગાર્ડન લઈ જાય છે. તેની સાથે રમે છે, હિંચકા ખાય છે, ત્યાં આવેલા બીજા પેરેન્ટ્સ સાથે વાતચીત કરે છે અને દોસ્તી કરે છે. જેમ જેમ બાળકો મોટા થાય છે અને મિત્રો સાથે તેમની દોસ્તી ઘનિષ્ઠ થાય છે તેમ તેમ તેમના પેરેન્ટ્સ વચ્ચે પણ મિત્રતા મજબૂત થતી જાય છે. તેઓ બાળકોને લગતી સમસ્યાઓ પર ચર્ચા કરીને સમાધાન શોધી લે છે.

પાપા ગમે તેટલા વ્યસ્ત હોય તો પણ બાળકો માટે સમય કાઢવો જરૂરી છે. ખરેખર તો આજકાલ કામમાંથી સમય મેળવવો ઘણો મુશ્કેલ છે. ૧૨ કલાકની ડ્યૂટી અને એમાંયે ઘરથી ઓફિસ દૂર હોય તો તો પત્યું, પણ વીકએન્ડમાં બાળકો સાથે ફરવા જવાની તક ઝડપી લેવી જોઈએ. એ પણ સંભવ ન હોય તો જયારે પણ રજા મળે બાળકને સ્કૂલમાં મૂકવા જાવ તેમની સાથે લંચ કરો. કેટલાંક દોસ્ત પાપા બાળકોને હોબી ક્લાસીસમાં લઈ જવાની જવાબદારી પણ સહર્ષ નિભાવી રહ્યા છે.

જે પાપા બાળકોના મિત્રો સાથે દોસ્તી કરી શકે છે તે એક સફળ પિતા બની શકે છે, કારણ કે બાળકોના મિત્રો સાથે મૈત્રી કેળવવાથી પોતાનું બાળક બીજા બાળકો સાથે કેવું વર્તન કરે છે તેની જાણ થાય છે. અને બાળકોની દુનિયામાં ડોકિયું કરવાનો મોકો મળે છે. પિતા દોસ્ત હોય તો બાળક પોતાના મિત્રો સાથે સહજ રહી શકે છે. દોસ્ત પાપા બાળકોના મિત્રો સાથે વર્ડ ગેમ, ક્વિઝ પ્લાન કરે છે. આ વિષયમાં બાળકના મિત્રો તેમના પેરેન્ટ્સને વાત કરે છે તો બીજા પિતા પણ તેના પરથી પ્રેરણા લઈને બાળકોના મિત્રો સાથે દોસ્તી કરવા માટે પ્રેરણા મેળવે છે. આવી જ રીતે ફક્ત પાપા જ નહીં મમા પણ બાળકો સાથે પ્રગાઢ મૈત્રીનો સંબંધ બાંધી શકે છે. પાપા બાળકો સાથે નિકટતા ચાહે છે. મમ્મી અને પપ્પા બંને અલગ અલગ રીતે બાળક સાથે મૈત્રી કરે છે અને બાળકોને માબાપ બંને માટે લાગણી બંધાય છે. મનોચિકિત્સકો પણ માને છે કે જયારે માતાપિતા બંને પોતાની ફરજ યોગ્ય રીતે નિભાવે છે, દરેક બાબતમાં પરસ્પર સંમત હોય છે તો બાળકનું વ્યક્તિત્વ નિખરે છે. બાળકોમાં એડજસ્ટમેન્ટની ક્ષમતા પેદા થાય છે. જે તેમને જીવનમાં સફળતાના શિખર સર કરવામાં મદદરૂપ થાય છે. બાળકો સાથે નિકટતા કેળવવા માટે દોસ્ત પાપા એવાં થોડા કામ તેમની સાથે મળીને કરે છે જેને કારણે બંને વચ્ચે દોસ્તી થઈ જાય છે. દોસ્ત પાપા બાળક સાથે મળીને ફોટાઓ એકત્ર કરીને ફેમિલી આલ્બમ બનાવે છે. એકબીજાના ફોટા પાડે છે. દોસ્ત પાપા જયારે બાળકને વાર્તા કહે છે ત્યારે વીડિયો કેમેરા કે ઓડિયો રેકોર્ડિંગ ચાલુ રાખે છે. પછી કોઈ વાર એ વીડિયો કે ઓડિયો રેકોર્ડિંગ પરિવાર કે મિત્રો સાથે મળીને જોવાનું કે સાંભળવાનો અનુભવ બાળક માટે યાદગાર બની જાય છે. દોસ્ત પાપા ક્યારેય બાળકોના સપનાઓ પર હસતા નથી કે, બેકારની વાતો નહીં કર - કહીને બાળકને નિરાશ કરતા નથી, પરંતુ તેમની વાતોમાં રસ લે છે. જેને કારણે વિસ્તારથી વાત કરવાનો ગુણ બાળકમાં વિકાસ પામે છે. બાળકોને પ્રાણીઓને જોવામાં બહું રસ પડે છે. તેથી દોસ્ત પાપા બે-ત્રણ મહિને એક વાર બાળકને પ્રાણીઘર લઈ જાય છે. પ્રાણીઓ વિષેની માહિતી આપે છે. બાળક રમતરમતમાં જ્ઞાન મેળવી લે છે. દોસ્ત પાપા પુસ્તકો વાંચવાનો શોખ બાળક કેળવે તે પ્રત્યે ધ્યાન આપે છે. દોસ્ત પાપા બાળકને લાઈબ્રેરી લઈ જાય છે અને પુસ્તકોની દુકાનમાંથી નવાં સુંદર પુસ્તકો ખરીદીને ભેટ આપે છે. બાળકને વાંચવાની પ્રેરણા આપવા માટે પોતે બાળકને વાંચી સંભળાવે છે.

તમે પણ તમારા બાળકોના દોસ્ત પાપા છો ને? અગર નથી તો શુભ કાર્યની શરૂઆત ક્યારે પણ થઈ શકે છે.